# સાબરડેરીની ચૂંટણી જાહેર થતા જિલ્લાના સહકારી રાજકારણમાં ચહલપહલ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે આર્થિક સદ્ધરતા વધારનારી સાબરડેરીના નિયામક મંડળની ચૂંટણી યોજવા માટે બુધવારે વહીવટીતંત્ર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરાતાની સાથે જ બંને જિલ્લાના સહકારી રાજકારણમાં ચહલપહલ શરૂ થઈ ગઈ છે. જો કે આ વખતની ચૂંટણી પણ ઝોન મુજબ થવાની હોવાથી સહકારી ક્ષેત્રના માંધાતાઓ તેમની મુરાદમાં સફળ થશે તેવુ હાલના સંજોગોમાં દેખાઈ રહ્યુ છે. જાહેરનામામાં જણાવ્યા મુજબ સાબરડેરીના નિયામક મંડળની ચૂંટણી આગામી તા. ૨૫ માર્ચ ૨૦૧૮ના રોજ યોજાશે.

આ અંગેની વિગત એવી છે કે સાબરડેરી દ્વારા દરરોજ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી લાખ્ખો લીટર દૂધનું સંપાદન કરવામાં આવતુ હોવાને કારણે ડેરીનું વાર્ષિક ટર્નઓવર અંદાજે રૂપીયા ૧૬૦૦ કરોડથી વધુનું છે. બીજી તરફ ડેરીના નિયામક મંડળના ૧૬ ડિરેક્ટરોની ચૂંટણી કરવા માટે હાઈકોર્ટમાં થયેલી રીટ બાદ ડેરીમાં વહીવટદારની નિમણુંક કરાઈ હતી. જો કે રીટ સંદર્ભે આગામી તા. ૨૬ ફેબ્રુઆરીએ મુદત છે દરમિયાન જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા વર્ષ ૨૦૧૪માં થયેલી ઝોન વાઈઝ પદ્ધતિથી આ વખતે પણ ચૂંટણી યોજવા માટેનું જાહેરનામુ બુધવારે પ્રસિદ્ધ કરાયુ છે જેને લઈને જિલ્લાના સહકારી રાજકારણમાં ફરીથી ચહલપહલ શરૂ થઈ ગઈ છે.

**હાઈકોર્ટમાં કરાયેલી રીટની સૂનાવણી અગાઉ જાહેરનામુ પ્રસિદ્ધ કરાતા અનેક તર્કવિતર્ક : વર્ષ ૨૦૧૪માં યોજાયેલ ચૂંટણીમાં ત્રણ પેનલ હતી**

જોકે સાબરડેરીના ગત નિયામક મંડળમાં રહેલા કેટલાક ડિરેક્ટરો પ્રજામાં ખુબજ વગોવાઈ ગયા હોવાના કારણે કેટલાક મતદારોએ તેમની નારાજગી દર્શાવીને આવા ડિરેકટરોને સાબરડેરીના નિયામક મંડળમાંથી દૂર રાખવા જોઈએ તેવો ગણગણાટ શરૂ થયો છે. અગાઉ સાબરડેરીના ડિરેક્ટરોની ચૂંટણી તાલુકાવાર કરવા માટે હાઈકોર્ટમાં રીટ થઈ હતી. પરંતુ તેમાં અરજદારોને ઝાઝી સફળતા મળી ન હતી જેના કારણે તત્કાલિન સમયે સહકારી ક્ષેત્રના માંધાતાઓ સત્તા મેળવામાં સફળ રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪માં યોજાયેલી નિયામક મંડળની ચૂંટણીમાં ચેરમેન જેઠાભાઈ પટેલ, પૂર્વ ગૃહરાજ્યમંત્રી પ્રફુલ પટેલ અને સાબરકાંઠા જિલ્લા દૂધ મંડળી એસોસીએશનના પ્રમુખ મહેન્દ્ર પટેલની પેનલ બની હોવાને કારણે ચૂંટણી ખુબજ રસપ્રદ રહી હતી. અને તેમાં તત્કાલિન સમયે સત્તાધારી પક્ષના ૧૫ ઉમેદવારો વિજયી બન્યા હતા. જો કે દૂધ મંડળી એસોસીએશનના પ્રમુખે પ્રચાર દરમિયાન સ્વચ્છ વહીવટ અને સભાસદોને ફાયદો થાય તેવા મુદ્દા આધારે મતદારોને સમજાવવા મહદઅંશે સફળ રહ્યા હોવાને કારણે બંને જિલ્લાના મતદારોએ તેમની તરફેણમાં મતદાન કર્યુ હતુ. જેના કારણે સહકારી ક્ષેત્રમાં એક શિક્ષિત સહકારી રાજકારણી તરીકે મહેન્દ્ર પટેલ ઉભરી આવ્યા હતા.





## પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા વિજય યુવા સંમેલન યોજાયું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે નગરપાલિકાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી યુવા મોરચો પ્રાંતિજ શહેર દ્વારા વિજય યુવા સંમેલન યોજાયું હતું. જેમાં યુવા મોરચાના જીલ્લા પ્રમુખ સહિત ભાજપ આગેવાનો કાર્યકરો સહિત ઉમેદવારો લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસ અપક્ષો દ્વારા પ્રચાર માધ્યમો તેજ થયાં છે અને ચૂંટણીને આડે માત્ર એક દિવસ આડે છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકા ભારતીય જનતા પાર્ટી દ્વારા પોતાના હસ્તક કરવા એડીચોટીનુ જોર લગાવી રહી છે ત્યારે પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે ભારતીય જનતા પાર્ટી યુવા મોરચો પ્રાંતિજ શહેર દ્વારા વિજયયુવા સંમેલન યોજાયું હતુ. જેમાં સાબરકાંઠા જિલ્લાના યુવા મોરચાના પ્રમુખ કલ્પીતભાઈ દવે, પ્રાંતિજ શહેર યુવા મોરચાના પ્રમુખ કુશલ બારોટ, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, વિજયભાઈ પંડયા તથા ભાજપ કાર્યકરો આગેવાનો અને ભાજપના પાંચ વોર્ડમાંથી વીસે ઉમેદવારો સહિત વિવિધ વોર્ડમાંથી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. તો મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવો દ્વારા આ વખતે પણ ભારતીય જનતા પાર્ટીને જીતાડવા અને મતદારો પાસે મતની માંગણી કરી હતી. પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણે પણ ઉમેદવારો કોઈપણ હોય પણ માત્ર કમળના નિશાન સામે બટન દબાવી પ્રાંતિજમાં ફરી નગરપાલિકામાં ભાજપની બોડી લાવવા માટે મતદારોને વિનંતી કરી હતી. પ્રાંતિજના વિવિધ વોર્ડના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર શ્રી ઘનશ્યામ મહારાજ અમૃત પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ શ્રી મુક્તજીવન સ્વામીબાપાના ૮૮મા મહાદીક્ષા પર્વે આચારાયશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં સરસપુર ખાતે વ્યસનમુક્તિ રેલી તેમજ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે વ્યસનમુક્તિ ભારત અભિયાન અંતર્ગત સૌને વ્યસનમુક્તિ અંગેની પ્રતિજ્ઞા લેવડાવી હતી. ઘણી મોટી સંખ્યામાં માનવ સમુહ રેલી તેમજ શિબીરમાં ઉપસ્થિત રહ્યો હતો.

## હિંમતનગર કેળવણી મંડળની ત્રણ કોલેજોનો વાર્ષિકોત્સવ ઉજવાયો

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજનો ગુરૂવારે વાર્ષિકોત્સવ ઉજવાયો હતો જે અંતર્ગત ત્રણેય કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયા હતા. ઉપરાંત વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રે ઉજ્જવળ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ તથા શૈક્ષણિક સ્ટાફને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલ સચિવ દિલીપ ચૌધરી, કેળવણી મંડળના હોદ્દેદારો, પ્રાચાર્ય ડૉ. દિનેશ પટેલ, ડૉ. બીપીન પટેલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.



## શામળાજીમાં ટાઉન પ્લાનિંગ સત્વરે અમલવારી કરવા રેલી યોજાઈ

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીનો પર્યટનધામ તરીકે વિકસાવવા તંત્ર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવા છતાં વહીવટીતંત્રના અણધડ વહીવટના પગલે રાજ્ય સરકાર દ્વારા શામળાજીમાં ૧૯૮૪માં ટાઉનપ્લાનિંગ સ્કીમ નં-૧ અમલમાં મુકાયા બાદ વિસરાઈ જતા એકાએક વહીવટીતંત્રને ૨૦-૪-૨૦૧૧માં અમલવારી કરી સ્થાનિકોના મકાનો અને દુકાનો તોડી પડતા અનેક લોકો બેઘર અને ધંધા વિહોણા થઈ ગયા હતા. બીજીબાજુ ટાઉન પ્લાનિંગ અમલીકરણથી અન્યાય થતા ગ્રામજનો હાઈકોર્ટમાં ગયા હતા. જેમાં નામદાર હાઈકોર્ટે આ યોજનામાં થયેલ અન્યાય સુધારી યોજના વેરીડ કરવાનો આદેશ કર્યા બાદ વહીવટીતંત્ર દ્વારા કામગીરી શરુ ન કરાતા થોડાક દિવસ અગાઉ સમગ્ર શામળાજીએ સજ્જડ બંધ રાખી વિરોધ પ્રદર્શન કરવા છતાં રાજ્ય પ્રવાસન નિગમ અને વહીવટીતંત્રનું પેટેનુંએ પાણી ન હાલત ગુરુવારે ગ્રામજનો દ્વારા શામળાજીમાં રેલી કાઢી ઉગ્ર સૂત્રોચ્ચાર કરી રાજ્ય સરકાર સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

## ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તેજસ્વી તારલાઓ સન્માનાયા

મહેસાણા, તા. ૧૫

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યુનિ.ના રંગભવનમાં રાજ્યપાલ ઓ.પી. કોહલીના વરદહસ્તે યુનિ.ના તેજસ્વી તારલાઓને સુવર્ણમંડિત ચંદ્રકોની એનાયતવિધિ કરવામાં આવી હતી. જેમાં શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજની વડનગર તાલુકાના જાસ્કા ગામની રોળ પરિવારની દિકરી પટેલ રિદ્ધિબેન ભરતભાઈએ બી.એસ.સી. (બોટની)માં ગોલ્ડમેડલ મેળવી ગૌરવ વધાર્યુ છે. રિદ્ધિબેને ગામની પ્રાથમિક સરકારી શાળા અને હાઈસ્કૂલમાં શિક્ષણ મેળવી વિસનગર સાયન્સ કોલેજમાં બી.એસ.સી. કરેલ છે. તેણી અને ૨૦૧૭માં બી.એડ.ના અભ્યાસક્રમમાં ઉ.ગુ. યુનિ.માં પ્રથમ ક્રમે રહી છે. આ ઉપરાંત તાજેતરની ટેટની પરીક્ષામાં ૧૨૪ ગુણ મેળવી સિદ્ધિ હાંસલ કરી છે.

## મહેસાણા જિલ્લામાં જવાહર નવોદય વિધાલયની પ્રવેશ પરીક્ષા ૨૧મી એપ્રિલે યોજાશે

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લામાં જવાહર નવોદય વિધાલયની પ્રવેશ પરીક્ષા વિવિધ કેન્દ્રો પર ૧૦ ફેબ્રુઆરીના રોજ યોજાનાર હતી. જે પરીક્ષા વહીવટી કારણોસર મોકુફ રખાઈ હતી. હવે આ પરીક્ષાની ૨૧ એપ્રિલ ૨૦૧૮ને શનિવારના રોજ જિલ્લાના તમામ તાલુકા મથકોએ ફાળેવલ પરીક્ષા કેન્દ્રોમાં યોજાશે તેમ જવાહર નવોદય વિધાલયના આચાર્ય ડો. વિજયકુમારની અખબારી યાદીમાં જણાવાયું છે.

## પોલીસનો કાફલો હતો, એમ્બ્યુલન્સ હતી, પણ તે માણસ ભડભડ સળગવા લાગ્યો

પાટણ, તા. ૧૫

આપણે ત્યાં તંત્રને સામાન્ય માણસની પીડા સમજાતી નથી, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. માણસની પીડાને સમજવાને બદલે તંત્ર તે પીડાને એક ફાઈલ બનાવી દે છે અને પછી વર્ષો સુધી તે ફાઈલ એક ટેબલથી બીજા ટેબલ ઉપર ફરતી રહે છે. આવી જ એક ઘટના પાટણની કલેક્ટર ઓફિસમાં બની, પોતાની પડતર માંગણી માટે તંત્રનું ધ્યાન દોરવા માટે એક વ્યક્તિએ જાહેરમાં અગ્નિસ્નાન કરી લીધુ હતુ અને તેનો વીડિયો પણ વાયરલ થયો છે.

મુળ ઊંઝાની વતની ભાનુભાઈ દલિત હોવાને કારણે તેમને રાજ્ય સરકાર દ્વારા નક્કી કરેલી જમીન આપવાનો આદેશ કર્યો હતો, જેનો રાજ્ય સરકાર દ્વારા મોકલવામાં આવેલો પત્ર પણ ભાનુભાઈને મળી ગયો હતો, પરંતુ પાટણ કલેક્ટર કચેરીમાં અનેક ધક્કા ખાવા છતાં કોઈ તેમની રાવ સાંભળતુ ન્હોતુ. તેના કારણે ભાનુભાઈ કલેક્ટરને પત્ર પાઠવી ચીમકી આપી હતી કે તેમના પ્રશ્નનો ઉકેલ નહી આવે તો તે આત્મવિલોપન કરશે.

આ જાણકારી મળતા કલેક્ટર દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેના કારણે તકેદારી રૂપે પોલીસ અને એમ્બ્યુલન્સ પણ હાજર રાખવામાં આવી હતી, પોલીસનો વિશાળ કાફલો હોવા છતાં ભાનુભાઈ કલેક્ટર ઓફિસ આવ્યા અને પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી આગ ચાંપી દીધી હતી. આ ઘટના બનતા ત્યાં હાજર પોલીસ અને ફાયરબ્રીગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ ઓલવી નાખી હતી, પણ ભાનુભાઈ ગંભીર રીતે દાઝી ગયા હતા, તેમને સારવાર માટે મહેસાણા લાવવામાં આવ્યા છે.

## તત્વ ઈન્સ્ટીટ્યુટ ખાતે રક્તદાન અને થેલેસેમીયા ટેસ્ટ માટે કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૧૫

મોડાસાની તત્વ એન્જીનીયરીંગ કોલેજમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને સંસ્થામાં કાર્યરત એન.એસ.એસ. યુનીટના સંયુક્ત ઉપક્રમે રક્તદાન તથા થેલેસેમીયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોએ ઉપસ્થિત રહી રક્તદાન કર્યુ હતું. સંસ્થામાં અભ્યાસ કરતા પ્રથમ વર્ષ ડીગ્રી, ડીપ્લોમાંના તમામ વિદ્યાર્થીઓએ થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યો હતો અને થેલેસેમીયા વિશેની માહિતી મેળવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના કેમ્પસ ડાયરેકટર જયદત્તસીંહ આર. પુવાર, પ્રિન્સીપાલ ડૉ. એચ.આર. વરીયા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પો. પ્રતિક ચૌહાણ તથા સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# લ્યો કરો વાત જાંબુડીવાસ પ્રાંતિજમાં આંગણવાડી બની ગંદકીનો અખાડો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના જાંબુડી ફળીયામાં સરકાર દ્વારા ચાલતી નાના ભૂલકાઓ માટેની આંગણવાડીની



બાજુ ખુલ્લી ગટરનું ગંદુ પાણી ફરી વળતાં બાળકો માટે અહીં મોટું આરોગ્યનું જોખમ ઉભું થયું છે. એટલું જ નહી પણ અહીં ફરજ બજાવતાં કર્મચારી પણ નાકે રૂમાલ બાંધી વ્યવસ્થાપપન કરે છે.

જાંબુડીવાસમાં આવેલ આ લાખ્ખોના ખર્ચે બનાવાયેલ આંગણવાડી પાસે કોન્ટ્રાક્ટર દ્વારા ગટરનું ખુલ્લું કામ છોડી દેતાં વોર્ડ નં-૧ નું તમામ પાણી અહી આવીને ભરાય છે તેમજ લોકો દ્વારા કચરાના ઢગ ખડકી દેતાં ગંદકીનું સામ્રાજય ઊભું થયું છે અને એટલી બધી વાસ મારે છે કે આ વિસ્તારના લોકો પણ દુર્ગન્ધ અને માખી મચ્છરોથી પરેશાનીઓ ભોગવી રહ્યું છે. નાના નાના બાળકો માટે જોખમરૂપ અને વાયરસ, મચ્છરજન્ય રોગોને નિમંત્રણ અપાવી આ ગંદકી કોણ કયારે સાફ કરાવશે એવો યક્ષ પ્રશ્ન ઉપસ્થિત થયો છે. તો કોર્પોરેટર દિલિપભાઈ રાવળ ગ્રાન્ટ ની જોગવાઈની વાતો કરી રહ્યાં છે.

સરકાર સ્વચ્છતાની પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો ઉડાડે છે અને મોટી મોટી જાહેરાતો કરે છે ત્યારે પ્રાંતિજની આ આંગણવાડી ભૂલકાઓ માટે નર્ક સમાન છે.

## ફાયરિંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ સ્ટૂડન્ટ્સ પોતપોતાના ક્લાસરૂમ્સમાંથી બહાર આવી ગયા હતા. આ સ્કૂલમાં ભારતીય મૂળના અમેરિકન સ્ટૂડન્ટ્સ પણ મોટી સંખ્યામાં અભ્યાસ કરે છે. ગોળીબારમાં તેમના ઘાયલ થવાની પણ જાણકારી છે. ગોળીબારમાં ઘણાં અન્ય સ્ટૂડન્ટ્સ પણ ઈજાગ્રસ્ત થયા છે. જેમાં ત્રણની હાલ ગંભીર છે અને ત્રણની હાલત સ્થિર હોવાનું જણાવાઈ રહ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે અને તેમણે પીડિતો માટે સંવેદના વ્યક્ત કરી છે. ટ્રમ્પે ટ્વિટ કરીને કહ્યુ છે કે મારી સંવેદનાઓ અને પ્રાર્થના ફ્લોરિડા ગોળીબારના પીડિતો અને પરિવારો સાથે છે. કોઈપણ સ્ટૂડન્ટ્સ, શિક્ષક અથવા કોઈ અન્યને અમેરિકાની સ્કૂલમાં સુરક્ષાને લઈને ગભરાવાની જરૂરત નથી. ટ્રમ્પે ફ્લોરિડાના ગવર્નર અને અન્ય અધિકારીઓ સાથે વાતચીત કરીને ઘટનાની જાણકારી પણ મેળવી છે.

આ ઘટના બાદ અમેરિકામાં ફરી એકવાર ગન કંટ્રોલની મુહિમ તેજ થાય તેવી સંભાવના છે. આ દિશામાં અભિયાન ચલાવી રહેલી એક એનજીઓનું કહેવું છે કે જાન્યુઆરી-૨૦૧૩થી અમેરિકાની શાળાઓમાં ગોળીબારની ઓછામાં ઓછી ૨૮૩ ઘટનાઓ બની છે. જો તેની સરેરાશ કાઢવામાં આવે તો દર સપ્તાહે એક સ્કૂલમાં ફાયરિંગ થાય છે. ફ્લોરિડાના સેનેટર ક્રિસ મર્ફીએ શાળામાં ફાયરિંગની ઘટનાને ભયાનક ગણાવી છે. મર્ફીએ કહ્યુ છે કે હજી તો માર્ચ શરૂ થવાનો છે. તે પહેલા આ વર્ષે શાળામાં ફાયરિંગની આ ૧૮મી ઘટના છે. આ બધું આપણી નિષ્ક્રિયતાને કારણે બન્યું છે. આ ઘટનાઓ માત્ર યોગાનુયોગ અથવા કમનસીબીને કારણે બની નથી.

## જથ્થાબંધ ભાવાંક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૬.૪૬ ટકા રહ્યો હતો. રસોડામાં સૌથ ઉપયોગી ગણાતા ડુંગળીમાં જાન્યુઆરી મહિનામાં ૧૯૩.૮૯ ટકાનો અભૂતપૂર્વ વધારો થયો છે જ્યારે કઠોળના ફુગાવામાં ઘટાડો થતાં આ આંકડો વાર્ષિક આધાર પર ૩૦.૪૩ ટકા રહ્યો છે. આવી જ રીતે ઘઉં અને અનાજમાં ફુગાવા ક્રમશઃ ૬.૯૪ અને ૧.૯૮ ટકા છે. પ્રોટીનથી ભરપુર ગણાતી ચીજવસ્તુઓ ઈંડા, માંસ અને ફીશની કિંમતોમાં નજીવો વધારો થયો છે. ફળફળાદીનો ફુગાવો જાન્યુઆરી મહિનામાં વધીને ૮.૪૯ ટકા રહ્યો છે. ફ્યુઅલ અને પાવર સેગ્મેન્ટમાં હોલસેલ ફુગાવો જાન્યુઆરી મહિનામાં ૪.૦૮ ટકા અને મેન્યુફેક્ચર્ડ વસ્તુઓ માટે ફુગાવો ૨.૭૮ ટકા રહ્યો છે. આ સપ્તાહની શરૂઆતમાં જારી કરવામાં આવેલા ડેટામાં જણાવવામાં આવ્યું હતું કે, રિટેલ ફુગાવો ૫.૦૭ ટકા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કોઈપણ ફુગાવાને ધ્યાનમાં લેતી વેળા રિટેલ અને હોલસેલ બંને ફુગાવાના આંકડાને ધ્યાનમાં લઈને નિર્ણય કરવાની ફરજ પડતી હોય છે. રિઝર્વ બેંકે હાલમાં તેની પોલિસી સમીક્ષામાં તમામ ચાવીરુપ રેટ યથાવત રાખ્યા હતા જેમાં રેપોરેટ અને રિવર્સ રેપોરેટને યથાવત રાખવામાં આવ્યા હતા.

## સેંસેક્સ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેંસેક્સ ૧૪૫ પોઈન્ટ ઘટીને ૩૪૧૫૬ની નીચી સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૯ પોઈન્ટ ઘટીને ૧૦૫૦૧ની નીચી સપાટી પર રહ્યો હતો. એશિયન શેરબજારમાં મિશ્ર સ્થિતી જોવા મળી હતી. સીપીઆઇ-આધારિત ફુગાવો ડિસેમ્બરમાં ૫.૨૧ ટકા રહ્યા બાદ જાન્યુઆરીમાં ૫.૦૭ ટકા રહ્યો છે. ગયા ગુરુવારે સાતમી ફેબ્રુઆરીના દિવસે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ અને નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં મોનિટરી પોલિસી કમિટિએ રિવર્સ રેપોરેટ, બેંક રેટ, સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. એમએસએફ અને બેંક રેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો હતો. મોંઘવારી વધવાના છ કારણ પણ દર્શાવવામાં આવ્યા હતા.તમામ ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવ્યા હતા. બજેટમાં ગ્રામિણ ક્ષેત્ર માટે લેવામાં આવેલા પગલા અને ફાળવણી સારા સંકેત હોવાની વાત આમા કરવામાં આવી હતી. તેની ડિસેમ્બર સમિક્ષામાં એમપીસીએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટને પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યા હતો.એસએલઆરને ૧૯.૫ ટકા યથાવત રાખવામાં આવ્યો હતો.

## દરોડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેસ દાખલ કર્યો હતો. ૨૮૦ કરોડ રૂપિયાના ફ્રોડ કેસમાં આ તપાસ ચાલી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે, બેંક અધિકારીઓએ છેલ્લા થોકાડ વર્ષોમાં નિરવ અને અન્યોને ૧૧૩૦૦ કરોડ રૂપિયાના લેટર ઓફ અન્ડરસેન્ડિંગ (એલઓયુ) જારી કરવામાં આવ્યા હતા. બિઝનેસ કારોબારીઓની મદદ કરવા બદલ સીબીઆઈએ પીએનબીના એક અધિકારી અને એક ક્લાર્ક સામે પણ કેસ દાખલ કર્યો છે. ગયા વર્ષે ડેપ્યુટી મેનેજર (નિવૃત્ત) ગોકુલનાથ શેટ્ટી અને સિંગલ વિન્ડો ઓપરેટર મનોજ ખારાત દ્વારા ૨૮૦ કરોડ રૂપિયાના આઠ લેટર ઓફ અન્ડરસેન્ડિંગ નિરવની કંપનીને માત્ર ત્રણ મહિનામાં જારી કર્યા હતા. ગયા મહિનામાં મોદી અને જ્વેલરી કંપની સામે પીએનબી તરફથી વધુ બે ફરિયાદો મળી હતી જેમાં ૧૧૪૦૦ કરોડ રૂપિયાની કિંમતના કારોબારનો સમાવેશ થાય છે. જ્વેલર નીરવ મોદીએ આ કોંભાડના મુખ્ય આરોપી હોવાની વિગત ખુલી છે. ભારતમાં જાહેર ક્ષેત્રની બીજી સૌથી મોટી બેંક પંજાબ નેશનલ બેંકની મુંબઈ શાખામાં હજારો કરોડ રૂપિયાના ફ્રોડના કારણે દેશ અને બેકિંગ ક્ષેત્રમાં ગઈકાલે ખળભળાટ મચી ગયો હતો. પંજાબ નેશનલ બેંકે મુંબઈની એક શાખામાંથી ૧૧૩૦૦ કરોડથી વધુ રકમની ગેરકાયદે લેવડદેવડ અથવા તો ગેરકાયદે ટ્રાન્જેકશનને પકડી લીધા બાદ લોકોમાં પણ આની ચર્ચા જોવા મળી રહી છે. આ ગેરકાયદે લેવડદેવડથી કેટલાક પસંદગીના ખાતા ધારકોને ફાયદો થઈ રહ્યો હતો. બેંકે મુંબઈ સ્ટોક એક્સચેંજને આ માહિતી આજે આપી હતી.

## વિધાનસભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પક્ષના નેતા કેબીનેટ ખંડ, દંડક ઓફિસ, તેમજ વિવિધ સમિતિઓની કચેરીઓને પણ નવો અદ્યતન લુક અપાયો છે. જયારે વિધાનસભા ગૃહમાં ૧૮૨ ધારાસભ્યોની હાજરીને અનુલક્ષી અત્યાર સુધી જે બેઠક વ્યવસ્થા હતી તેમાં પણ સુધાર લાવીને ૨૨૦ સભ્યોની બેઠક વ્યવસ્થા માટેનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે વિધાનસભા હોલ પરના ડોમના ભાગ પર ગ્લાસ રેઈનફોર્સ્ડ કોંક્રીટની કામગીરી કરી તેના દેખાવને વધુ ભવ્ય બનાવી દેવાયો છે. આ ઉપરાંત લાઈબ્રેરી, પર્યટક લોબી,કેન્ટીન તેમજ અન્ય શોપને પણ અદ્યતન બનાવવામાં આવી છે. વિધાનસભા સંકુલમાં નવુ ફ્લોરીંગ, નવા બારી દરવાજા,ફોલ્સ સીલીંગની કામગીરી સહીતનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. વિધાનસભા બિલ્ડીંગમાં એ સી પ્લાન્ટને યોગ્ય કરવા ઉપરાંત ઈલેક્ટ્રીફિકેશની કામગીરી પાછળ અત્યાર સુધી રૂ ૧૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## પ્રચાર પડઘમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામાન્ય ચૂંટણીને લઈ આ નગરમાં પૂરતો અને ચાંપતો પોલીસ બંદોબસ્ત લગાવી દેવામાં આવ્યો છે. કાલે બપોરે બાર વાગે પોલીંગ પાર્ટીઓ મતદાન મથકે પહોંચી જશે. આ ચૂંટણી માટે ૨૦૦થી વધુ કર્મચારીઓને ચૂંટણી વિષયક ફરજો સોંપવામાં આવી છે. ચૂંટણી અદિકારી કિશોર ભાલોડિયાના જણાવ્યાનુસરા મતદાન શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ વાતાવરણમાં થાય તે માટે જરૂરી તમામ પગલાં તંત્ર દ્વારા લેવમાં આવ્યા છે. તંત્રએ આ ચૂંટણી માટેની તૈયારીઓ સંપૂર્ણ રીતે સંપન્ન કરી લીધી છે.

## વાર્તાલાપ કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે વિદ્યાર્થીઓ તણાવમુક્ત થઇ કોઈપણ પ્રકારના ડર વિના પરીક્ષા આપે તેવા પ્રયાસો થઇ રહયા છે. વિદ્યાર્થીઓનો એક્ઝામ ફોબિયા દુર કરવા માટે પ્રધાનમંત્રી દ્વારા દેશની સમગ્ર શાળાઓના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરવામાં આવશે. તા ૧૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧:૪૫ કલાકે પી એમ નરેન્દ્ર મોદી ઓલ ઇન્ડિયા રેડિયો તેમજ દુરદર્શન તેમજ યુ ટયુબ પર પ્રસારિત કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાની પણ ૧ હજાર શાળાઓમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનુ આ વકતવ્ય પ્રસારીત કરવામાં આવશે. જિલ્લામાં ધોરણ ૫ થી ૧૨ માં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓ સાથે પ્રધાનમંત્રી વાર્તાલાપ કરશે.

# હિંમતનગરમાં સરકાર અનુદાન વગર ચાલતી શૈક્ષણિક સંસ્થા

### રોટરી સરસ્વતી વિદ્યામંદિર દ્વારા ભાગવત કથાનું આયોજન

હિંમતનગર, તા. ૧૫

મહર્ષિ અરવિંદ શિક્ષણ અને સેવા ટ્રસ્ટ સંચાલિત તથા વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન હિંમતનગરની રોટરી સરસ્વતી વિદ્યામંદિરના વિકાસ માટે આગામી તા. ૨૧ થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન પૂ. રમેશભાઈ ઓઝાની ભાગવત કથાનું આયોજન કરાયું છે.

આ અંગે ટ્રસ્ટના પ્રમુખ જે.ડી. પટેલ તથા ટ્રસ્ટી મંડળના જણાવાયા મુજબ વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ દ્વારા રાજ્યમાં ૩૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ સરકારના કોઈપણ અનુદાન (ગ્રાન્ટ) વગર વર્ષોથી ચાલે છે ત્યારે તેમાં ભણતા બાળકોને વિવિધ વિષયોના જ્ઞાન સાથે જીવન ઘડતર અંગે સમજ અને સંસ્કાર આપવાના હેતુથી આ સંસ્થાઓ વર્ષોથી સમાજ સેવા અને શિક્ષણનો યજ્ઞ ચલાવી રહી છે.

હિંમતનગરની વિદ્યાભારતી વિદ્યાલય ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાનમાં રાખી આગોતરૂ આયોજન કરી રહી છે. ત્યારે તેમાં દાનવીરો અને દાતાઓ પોતાનો સહયોગ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપે તે ઈચ્છનીય છે.

## લઘુ ઉદ્યોગકારોના બેંકોના પ્રશ્નો માટે મીટ-૨૦૧૮ યોજાઈ

ગુજરાતના લઘુ ઉદ્યોગકારોના બેંકોના લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ઉદ્યોગ કેન્દ્ર એસ.બી.આઈ. અને સીડબીના સહયોગથી મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે ઉદ્ઘાટન કરેલ હતુ. ઉદ્ઘાટન પ્રવચનમાં કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે લઘુ ઉદ્યોગકારોની સમસ્યાઓના નિરાકરણ માટે સરકાર કટિબદ્ધ છે. રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકોને સંસ્થાની યોજનાઓથી લઘુ ઉદ્યોગમાં હરણફાળ વિકાસ થયેલ છે. લઘુઉદ્યોગો માટે બેંકોના પ્રશ્નો કરોડરજ્જુ સમાન છે. રિઝર્વબેંકે કર્જમાં મોટી રાહત આપેલ છે. આ મીટમાં ૩૫૦થી વધુ ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.